## આગામી ૨૬મીએ અંબાજી મંદિરે સૂર્યગ્રહણ હોવાથી આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો

અંબાજી, તા. ૨૦

આગામી ૨૬ ડિસેમ્બર ગુરુવારે માગશર વદ અમાસના રોજ સૂર્યગ્રહણ હોવાથી ધાર્મિક વિધિને પૂજા-અર્ચના ઉપર ગ્રહણનું વેધ લાગતો હોવાથી યાત્રાધામ અંબાજી ખાતે અંબાજી મંદિરના દર્શન આરતીના સમયમાં ફેરફાર કરાયો છે.



આરતી અને દર્શનનો સમય
રાજભોગ, સવારની આરતી બપોરે ૧ થી ૧.૩૦
દર્શન બપોરે ૧.૩૦ થી ૪.૧૫
મંદિર મંગળ ૪.૧૫ થી ૬
સંધ્યા આરતી ૬.૩૦ થી ૭
સાંજના દર્શન ૭ થી ૯
મંદિર મંગળ રાત્રે ૯ કલાકે

નોધ :- તા. ૨૫-૧૨-૧૯ના રાત્રે ૮ કલાકથી તા. ૨૬-૧૨-૧૯ના બપોરના ૧ કલાક સુધી મંદિર બંધ રહેશે.

તા. ૨૭-૧૨-૧૯થી આરતી-દર્શનનો સમય રાબેતા મુજબ રહેશે.

## અરવલ્લી જિલ્લામાં ટેકાના ભાવે ૪૮ કરોડ રૂપિયાની ખરીદી કરી, ખેડૂતોને ચુકવાયા ફક્ત ૩૯ લાખ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લામાં ટેકાના ભાવે મગફળી વેચવા માટે ૧૪૫૬૧ જેટલા ખેડુતોએ રજીસ્ટ્રેશન કર્યુ છે જેમાંથી ૭૪૧૫ જેટલા ખેડુતો ટેકાના ભાવે મગફળીનું વેચાણ કર્યુ છે. ૪૮ કરોડ રૂપિયાની ટેકાના ભાવે મગફળી ખરીદી કરી છે જોકે તેમાંથી ફક્ત ૩૬ જેટલા ખેડુતોને ૩૯ લાખ રૂપિયા મગફળીના નાણાંની ચુકવણી કરવામાં આવી છે જેના કારણે ખેડુતો ચિંતામાં મુકાયા છે.

મોડાસા સહિત અરવલ્લીના તમામ ટેકાના ભાવે મગફળીના ખરીદ સેન્ટર પર મગફળીની ખરીદી એક નવેમ્બરથી શરૂ કરવામાં આવી હતી. જોકે માવઠાના કારણે ખરીદી સ્થગીત કરી અઢાર નવેમ્બરના રોજ પુનઃ શરૂ કરવામાં આવી હતી. જિલ્લાભરમાં અત્યારે સુધીમાં



૪૫૦૦ ખેડુતોએ ટેકાના ભાવે ૬૦ હજાર ક્વિન્ટલ મગફળીનું વેચાણ કરી દીધુ છે. જોકે હજુ સુધી ચુકવણી ન થવાને કારણે મુશ્કેલીમાં મુકાયા છે.

આ ખરીદીને આજે એક માસ કરતા વધુ સમય પસાર થવા છતાં ૪૫૦૦ ખેડૂતો પૈકી માત્ર ૩૬ ખેડૂતોને મગફળીના નાણા ચૂકવવામાં આવ્યા છે. એટલે કુલ ખેડુતોમાંથી એક ટકા કરતા પણ ઓછા ખેડુતોને ચુકવણી કરવામાં આવી છે બાકીના ખેડૂતોને ચુકવણું બાકી છે. કેટલાય એવા ખેડુતો છે જેમણે વીસ અને તેથી વધુ દિવસ પુર્વે મગફળી વેચી છે અને પોતાના ખાતામાં પેમેન્ટ આવે તેની પાણીની જેમ રાહ જોઈ રહ્યા છે.

કેટલાક ખેડુતોના ત્યાં લગ્ન પ્રસંગ પણ છે અને મગફળીનું પેમેન્ટ સમયસર આવી જશે તેવી આશા સાથે તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. તેવામાં મગફળીનું પેમેન્ટ ચૂકવી આપવામાં આવે તેવી માંગ ખેડૂતો કરી રહ્યા છે.

બીજી બાજુ મળતી માહિતી મુજબ નાફેડના અધિકારી દ્વારા ખેડુતોને હૈયાધારણ આપવામાં આવી છે કે ૨૦ ડીસેમ્બર સુધી મોટાભાગનું ચુકવણું કરી દેવામાં આવશે.

ટેકાના ભાવે મગફળી વેચાણ માટે નોંધણી થયેલ ખેડુતોની મગફળી હજુ ૩૧ જાન્યુઆરી સુધી ખરીદાશે. ૧૪૫૦૦ માંથી ૪૫૦૦ જેટલા ખેડુતોની મગફળીની ખરીદી કરવામાં આવી હોઈ હજુ ૧૦,૦૦૦ ખેડુતો બાકી છે. અરવલ્લીમાં કુલ ૫૫૦૦૦ હેકટરમાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યુ છે. ગત વખત કરતા આ વખતે બમણા ખેડુતોએ ટેકાના ભાવે મગફળી વેચવા માટે નોંધણી કરાવી છે.

## ડીસા સહિત જિલ્લામાં ફરી હળવા વરસાદની આગાહી

### ખેડૂતોના જીવ ફરી એકવાર પડિકે બંધાયા મહિનામાં બીજી વખત માવઠાની શક્યતા

ડીસા, તા. ૨૦

ડીસા સહિત જિલ્લામાં ઉત્તર ભારતની બરફ વર્ષાના પગલે મોડે મોડે ઠંડીનું જોર વધી રહ્યું છે પરંતુ અરબી સમુદ્રમાં સર્જાયેલ વેસ્ટર્ન ડિસ્ટર્બનસના કારણે જિલ્લામાં આગામી ૨૩ ડિસેમ્બરે ફરી હળવો વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. તિડના ત્રાસ વચ્ચે મહિનામાં બીજીવાર કમોસમી વરસાદની આગાહીથી ખેડૂતોના જીવ ફરી એકવાર પડીકે બંધાયા છે.

ચાલુ વર્ષે સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં સતત કમોસમી વરસાદના પગલે ખેતીના પાકોને વ્યાપક નુકસાન થયું છે ગત ૧૨મી ડિસેમ્બરે ખાબકેલા કમોસમી વરસાદે ખેતી પાકોનો સોથ વાળી દીધો હતો. ત્યાં હાલમાં કુદરતી એવા પાકિસ્તાન તરફથી આવેલા તીડ દ્વારા પણ ખેતીના ઉભા પાકોનો સફાયો બોલાવી દેવાયો છે , તેમ છતાં હજુ શિયાળાની ફૂલ સીઝનમાં પણ વરસાદ પડવાની શક્યતા જણાઈ રહી છે. અરબી સમુદ્રમાં સર્જાયેલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પગલે સર્જાયેલ લો પ્રેશરના કારણે ૨૩મી ડિસેમ્બરે સોમવારે જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. એક તરફ સતત કમોસમી વરસાદથી ખેડૂતો ધોવાઈ ગયા છે, તેમ છતાં ઉછીના પાછીના કરી મોંઘા બિયારણ અને ખાતર લાવી શીયાળુ વાવેતર કરી ચૂક્યા છે ત્યાં ફરી એકવાર વરસાદની આગાહીના પગલે ખેડૂતોના જીવ પડીકે બંધાયા છે. અને જગતનો તાત ચિંતામાં ગરકાવ થઈ ગયો છે. ડીસા પંથકમાં મોટા ભાગે બટાકાનું વાવેતર મોટા પ્રમાણમાં થયું છે. છેલ્લા પાંચ વર્ષથી મંદીની માર સહન કરતા ખેડુતોને ખેતી માટે શ્રેષ્ઠ ગણાતી શિયાળુ સીઝનમાં આ વર્ષે સારા ઉત્પાદન સાથે ભાવની આશા છે, પરંતુ આ વર્ષે માવઠા અને તીડના આક્રમણ બાદ વરસાદની આગાહીના પગલે સિઝન બગડવાની ભીતિ પણ સેવાઈ રહી છે.

## પાલનપુરનાં લઘુમતી વિસ્તારોમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત પેટ્રોલીંગ

કેન્દ્ર સરકારના સીએએ બીલનો લઘુમતીઓના કેટલાક સંગઠનો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. જ્યાં પાલનપુરમાં ગુરૂવારે લઘુમતી વિસ્તારના વેપારીઓએ સ્વયંભૂ બંધ પાળ્યો હતો. જોકે, શુક્રવારે કોઈ અનિચ્છનિય ઘટના ન બને તે માટે જિલ્લા પોલીસવડા સહિત અધિકારીઓ દ્વારા સઘન પેટ્રોલીંગ કર્યુ હતુ. તેમજ લઘુમતી વિસ્તારોમાં



દિવસભર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

કેન્દ્ર સરકારના સીએએ બીલનો દેશભરમાં લઘુમતીઓના કેટલાક સંગઠનો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. જ્યાં બનાસકાંઠા જિલ્લામાં પણ ગુરૂવારે છાપી ખાતે અમદાવાદ હાઈવે ચક્કાજામ કરી એસ.ટી. બસ અને પોલીસના વાહન ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. જ્યારે પાલનપુર શહેરના બારડપુરા, નાની બજાર સહિતના વિસ્તારોમાં લઘુમતી વેપારીઓએ સ્વયંભૂ દુકાનો બંધ રાખી હતી. જોકે, શુક્રવારે આ લોકો દ્વારા ચક્કાજામ કરવાનો હોવાના મેસેજ સોશિયલ મિડીયામાં વાયરલ થતાં જિલ્લા પોલીસવડા તરૂણ દુગ્ગલ, ડીવાયએસપી એ. આર. જનકાંત સહિત અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓએ લઘુમતી વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ કર્યુ હતુ. તેમજ દિવસભર આ વિસ્તારોમાં ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## ખેડબ્રહ્મામાં કારના કાચ તોડી માર મારતા બે સામે ફરિયાદ

ખેડબ્રહ્મા શહેરમાં વસતા બે મિત્રો હોટલમાં જમવા માટે રસ્તા ઉપર કાર પાર્ક કરી જમવા માટે જતાં હતા ત્યારે બે ઈસમોએ આવી બાજુમાથી નીકળી હોટલ ઉપર જમવા પહોચ્યા હતા. ધર્મેન્દ્રસિંહ ગાડી પાર્ક કરતાં હતા ત્યારે બે ઈસમો કરણસિંહ લક્ષમણસિંહ




રાજપૂત, રહે. લસાડીયા અને ઈશ્વરસિંહ ગેવરસિંહ રાજપૂત, રહે. જબાડિયાં ચરાજસમદ, રાજસ્થાનૃ આવ્યા હતા. એક ઈસમે ગાડીનું નુકશાન કરી માર મારતા બે ઈસમો વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાઈ હતી.

ખેડબ્રહ્મા પોલિસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર ખેડબ્રહ્મા બસ સ્ટેશન પાછળ આવેલ શુભમ સોસયાતીમાં રહેતા ધર્મેન્દ્રસિંહ નટવરસિંહ ચંપાવત ગત શનિવારના રોજ રાત્રિના નવેક વાગ્યાની આસપાસ તેમના મિત્ર સૈલેશભાઈ વી. રાવલ સાથે પોતાની કાર ન. જી.જે.૯.બી. એફ.૬૯૮૦ લઈ નદીના પુલ ઉપરથી પસાર થતા હતા ત્યાતે પુલ ઉપર રસ્તા વચ્ચે ઊભા રહી ત્રણ ચાર માણસો કેક કપાતા હતા. જેથી ધર્મેન્દ્રસિંહે હોર્ન મારી સાઈડ આપવા જણાવેલ પરંતુ તે ઈસમો ન હટતા તેમણે ગાડી ધર્મેન્દ્રસિંહને ગદડાપાટુ મારી મા બેન સામે ગાળો બોલી તું અમને સાઈડમાં જવાનું કહેવાવાળો કોણ કહી માર મારવા લાગેલ અને બીજા ઈસમે ગાડીના કાચ ઉપર લાકડી મારી તોડી નાખેલ અને ગાડીને નુકશાન કરેલ ત્યારે ત્યાં સુરેશભાઈ કડિયા, સુરેન્દ્રસિંહ રઢિવાડવાળ તથા સૈલેશભાઈ વચ્ચે પડી તેમેને છોડાવેલ. બંને ખેડબ્રહ્મામાં કોઈ ખેતરમાં લાઈટના થાભાલા ઊભા કરવાનું કામ કરતાં હોવાનું બહાર આવ્યુ હતું. ધર્મેન્દ્રસિંહે તેમને માર મારી બીભત્સ ગાળો બોલી ગાડીને નુકશાન પહોચડવા બદલ બંને વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી હતી.

## "અમૂલ દૂધ પિતા હૈ ઈન્ડિયા" લખેલ ટ્રકમાંથી ખેડભ્રહ્મા પોલીસે દારૂ ઝડપ્યો

ખેડબ્રહ્મા, તા. ૨૦

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાની અંતરાજ્ય સરહદો પરથી મોટા પ્રમાણમાં ટ્રક-કન્ટેનર




મારફતે વિદેશી દારૂ-બિયર ગુજરાતમાં ઠાલવામાં આવી રહ્યો છે. બંને જીલ્લાની પોલીસે રાજ્યમાં વિદેશી દારૂ ઘુસાડાતો અટકાવવા શખ્ત કાર્યવાહી કરતા બુટલેગરો વિદેશી દારૂ ઘુસાડવા અવનવા કીમિયા અપનાવી રહ્યા છે. ખેડભ્રહ્મા પોલીસે હાઈવે રોડ પરથી "અમુલ દૂધ પિતા હૈ ઈન્ડિયા" લખેલ આઈશર ટ્રકમાં ગુપ્ત ખાનું બનાવી ઘુસાડાતો ૮ લાખ રૂપિયાના વિદેશી દારૂ સાથે ત્રણ શખ્સોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ખેડભ્રહ્મા પોલીસે હાઈવે પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતાં "અમુલ દૂધ પિતા હૈ ઈન્ડિયા" સ્લોગન લખેલ એક આઈશર ટ્રક (ગાડી.નં. એમએચ-૦૪-એફપી-૧૧૮૬)ની શંકાસ્પદ ઝડપના પગલે અટકાવી તલાસી લેતા ટ્રકમાં દૂધ ભરવાના કેનની પાછળ બનાવેલ ગુપ્ત ખાનું મળી આવતા પોલીસે ગુપ્તખાનામાં તપાસ હાથ ધરતાં ગુપ્ત ખાનામાં છુપાવેલ વિદેશી દારૂ-બિયર ટીન નંગ-૪૧૭૩ કીં. રૂ. ૮૦૦૭૦૦, મોબાઈલ નંગ-૩ કીં. રૂ.૧૦૫૦૦ રોકડ રકમ ૨૪૦૦ તથા ટ્રક કીં. રૂ. ૭૦૦૦૦૦ મળી કુલ રૂ.૧૫૧૩૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી રૂઘનાથરાવ લાધુરામ બિશ્નોઈ, સુરેશ ઘનશ્યામ બિશ્નોઈ (બંને,રહે રાજસ્થાન ) અને પ્રેમ નાઈ નામના ઈસમ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## મૃતકને મૂકી આવતી શબવાહિનીએ શામળાજી ખોડંબા નજીક બળદગાડાને અડફેટે લેતા ખેડૂતનું કરૂણ મોત

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જીલ્લામાં વધુ એક રોડ અકસ્માતની ઘટનાના એક વ્યક્તિએ જીવ ખોવાનો વારો આવ્યો છે. વાપીની એમ્બ્યુલન્સ હરિયાણા એક વ્યક્તિના મૃતદેહને મૂકીને પરત ફરી રહી હતી ત્યારે શામળાજી નજીક આવેલા ખોડંબા ગામ નજીક ખેતરમાંથી બળદગાડું લઈ ઘરે પરત ફરતા બળદગાડાને ટક્કર મારતા બળદગાડામાં સવાર ખેડૂતનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું બે બળદો ઈજાગ્રસ્ત થયા હતા. ઘર આગળ જ ખેડૂતનું અકસ્માતમાં ભોગ લેવાતા પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુક્યો હતો. અક્સમાતના પગલે મોડાસા-શામળાજી રોડ પર ૪ કિમી ટ્રાફિકજામ સર્જાયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલી શામળાજી પોલીસે ટ્રાફિક પૂર્વરત કરાવ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ મોડાસા-શામળાજી રોડ પર આવેલા ખોડંબા ગામ નજીક ખેતરમાંથી બળદગાડું લઈ પરત ઘરે ફરતા પ્રભાભાઈ શામળભાઈ પટેલ ઘર નજીક પહોંચ્યા હતા. શામળાજી તરફથી આવતી એમ્બ્યુલન્સે બળદગાડાને ધડાકાભેર અડફેટે લેતા બળદગાડું હંકારતા પ્રભાભાઈ બળદગાડાંમાંથી નીચે પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી. બળદગાડા સાથે રહેલા બળદો પણ ઈજગ્રસ્ત થયા હતા. ઘર નજીક અકસ્માત થતા ખેડૂતના પરિવારજનો અને ગ્રામજનોના ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

અકસ્માતના પગલે ગ્રામજનોએ ખોડંબા ગામ નજીક બમ્પ બનાવવાની માંગ સાથે રોડ પર ચક્કાજામ કરતા સતત વાહનોથી ધમધમતા રોડ પર ૪ કિમિ ટ્રાફિકજામ થતા શામળાજી પોલીસ, મોડાસા રૂરલ પોલીસ, જિલ્લા ટ્રાફિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગ્રામજનોને સમજાવી ચક્કાજામ પૂર્વરત કરાવ્યોહતો. શામળાજી પોલીસે એમ્બ્યુલન્સચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી અકસ્માત સર્જી ઘટનાસ્થળે એમ્બ્યુલન્સ મૂકી ફરાર ડ્રાઈવરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## પાલનપુર પંથકમાં તીડના આક્રમણથી ખેડૂતો ભયભીત

બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારમાં ખેતીના પાકોનો સફાયો કરનારા તીડ શુક્રવારે પાલનપુરપંથકમાં ત્રાટકતાં સૂઈગામ, ભાભર તેમજ દિયોદર, ડીસામાં છેલ્લા એક સપ્તાહથી તીડના ઝૂંડોએ ખેતીના પાકોનો સફાયો કરી નાંખ્યો છે. આ તીડ વિસ્તારોમાં ત્રાટક્યા હતા. જેના પગલે ખેડૂતોમાં ભારે ફફડાટ પ્રસરી ગયો હતો. તીડને ભગાડવા માટે ખેડૂતોએ તગારા ખખડાવ્યા



હતા. તો કેટલાકે અગ્નિ પ્રગટાવી ધુમાડો કર્યો હતો. દરમિયાન તીડોનો નાસ કરવા માટે જિલ્લાના વહિવટીતંત્ર દ્વારા સત્વરે દવાનો છંટકાવ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તાર થરાદ, વાવ, ખેડૂતો ભયભીત બની ગયા છે. જ્યાં તંત્ર દ્વારા સત્વરે દવાનો છંટકાવ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

શુક્રવારે પાલનપુર પંથકમાં ત્રાટકતાં ખેડૂતો ભયભીત બની ગયા હતા. બપોરના સમયે પાલનપુર શહેર ઉપરથી ઉડેલા તીડ તાલુકાના વાસણ (ધા), કુંપર, ભાટવડી, માલણ, બાદરપુરા સહિતના

## પ્રાંતિજ પોલીસે બિલ્લા ગેંગના ત્રણ સાગરીતો દબોચ્યા

પ્રાંતિજ, તા. ૨૦

મોડાસા શહેર અને ગ્રામ્ય વિસ્તારો સહીત અન્ય જીલ્લામાં ચોરી અને લૂંટની ઘટનાને અંજામ આપતી બિલ્લા ગેંગ નો મુખ્ય આરોપી હુસેન ઉર્ફે બિલ્લો યાસીન ભટ્ટી પ્રાંતિજ પોલીસે ચોરીના ગુન્હામાં ઝડપી પાડતા મોડાસા ટાઉન પોલીસે ટ્રાન્સફર વોરંટના આધારે યુક્તિ પ્રયુક્તિ કરી પૂછપરછ કરતા તેના અન્ય બે સાગરીતોને દબોચી લઈ નોંધાયેલ ઘરફોડ ચોરી અને મારામારીના ૪ ગુન્હાનો ભેદ ઉકેલી ૩૮ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા ટાઉન પીઆઈ એન.કે. રબારીના માર્ગદર્શન હેઠળ સર્વલન્સ સ્કોડની ટીમે પ્રાંતિજ પોલીસે ઘરફોડ ચોરીમાં ઝડપેલા હુસેન ઉર્ફે બિલ્લો યાસીન ભટ્ટીને ટ્રાન્સફર વોરંટના આધારે લઈ આવી આગવી ઢબે પૂછપરછ કરતા તેના સાગરીત રાજેશભાઈ ઉર્ફે રજુ ઉર્ફે મગો અમરત જોધાજી તરાર (રહે. ઓઢા-શીણાવાડ)ને ઝડપી પાડી બંનેની પૂછપરછમાં રામજી શિવાજી તરારનુ નામ ખુલતા રામાજી શિવાજી તરારને મોડાસા પવનસીટી નજીકથી પસાર થતો દબોચી લઈ ત્રણે આરોપીઓ પાસેથી ચોરી કરેલ હોન્ડા એક્ટિવા, લેપટોપ, મોબાઈલ અને એલઈડી ટીવી મળી કુલ રૂ.૩૮૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરેડી ગામે ૧૫ મહિના પહેલા થયેલ કરિયાણાની દુકાનમાં ઘરફોડચોરીની, મારામારીના ગુન્હામાં અને મોડાસા ટાઉનપોલીસ સ્ટેશનમાં વાહનચોરી અને ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

## ખેડબ્રહ્મામાં પતિએ પત્નીનું સોશિયલ મીડિયા પર એકાઉન્ટ બનાવી ફોટા મૂકાતા ફરિયાદ

ખેડબ્રહ્મા, તા. ૨૦

ખેડબ્રહ્મા તાલુકાના ગોતા ગામની યુવતીના લગ્ન સામાજિક રીતે થયા હતા અને થોડા સમય બાદ પતિ ધ્વારા ત્રાસ આપતા ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી હતી. ત્યારબાદ પતિ ધ્વારા સોસિયલ મીડિયા પર એકાઉન્ટ બનાવી ફોટો મૂકાતા યુવતીએ ગુરુવારના રોજ પતિ વિરુધ્ધ ફરિયાદ નોધાવી હતી.

ખેડબ્રહ્મા તાલુકાનાં ગોતા ગામના હિરાલાલ સાવજીભાઇ ચાવડાની દીકરી છાયાબેનના લગ્ન તરુણભાઈ અરવિંદભાઇ રાઠોડ રહે. ઓઢવ, અમદાવાદ સાથે સામાજિક રીતે તા. ૧૦-૨-૨૦૧૯ના રોજ થયા હતા. લગ્ન બાદ તરૂણભાઈ ધ્વારા છાયાબેનને શારીરિક અને માનસિક ત્રાસ આપતા અને મારજૂડ કરતાં હતા જેથી છાયાબેન ધ્વારા ગત ૫ જુનના રોજ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં પતિ વિરૂધ્ધ ૪૯૮, ૩૨૩, ૫૦૪, ૧૧૪ મુજબ ફરિયાદ નોધાવી હતી.

ગત ૧૦ જુલાઇ ૧૯ના રોજ છાયાબેન ઘરે હતા ત્યારે તેમના મામાની દીકરી ડીમ્પલે તેમણે ભાઈ ચેતનભાઈને જણાવેલ કે ઈન્સ્ટ્રાગ્રામ (સોસિયલ મીડિયા એકાઉન્ટ)પર JAANA_2912 નામનું કોઈ એકાઉન્ટ છે જેમાં પ્રોફાઈલ પિક્ચરમાં છાયાબેનનો ફોટો છે, છાયાબેન કોઈ ફોન વપરાતા ના હોય આ એકાઉન્ટ ખોટું હોવાનું માલુમાં પડતાં પરિવાર ધ્વારા તપાસ કરતાં ત્નછછદ્બછ૦૨૯૧૨ નામનું એકાઉન્ટ તેમના પતિ તરૂણકુમાર અરવિંદભાઈ રાઠોડે જ બનાવેલ હોવાનું માલુમ પડતા છાયાબેને ફરિયાદ નોધાવી હતી.



## ડીસા ખાતે CAA/NRCને પ્રચંડ જન સમર્થન : વિશાળ રેલીએ આકર્ષણ જમાવ્યું

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા સી.સી.એ. અને એન.આર.સી.ના કાયદાના સમર્થનમાં એક વિશાળ રેલીનું આયોજન કરાયું હતું. આ રેલીમાં ધારાસભ્ય શશીકાંત પંડ્યા, વેરહાઉસ ચેરમેન મગનલાલ માળી, દિનેશભાઈ અનાવાડીયા, મહેશભાઈ દવે, સંજયભાઈ બ્રહ્મભટ્ટ, રમેશભાઈ દેલવાડિયા, ચેતનભાઈ ત્રિવેદી, ડો. કીશોરભાઈ આસનાની, ભાજપના આગેવાનો, વેપારીઓ, વિવિધ સંસ્થાના આગેવાનો તેમજ વિશાળ સંખ્યામાં શહેરીજનો જોડાયા હતા. શહેરના સરદાર બાગથી યોજાયેલ આ વિશાળ રેલી વિવિધ સુત્રોચાર સાથે એસ.ડી.એમ. કચેરી ખાતે પહોંચી હતી. તેમની સાથે વિવિધ સંસ્થાઓ પણ જોડાઈ હતી અને સી.સી.એ.ના કાયદાને સમર્થન આપી ભારતીય જનતા પાર્ટીને મજબૂત બનાવવા માટે આહવાન કર્યું હતું. આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટી તેમજ અન્ય સંસ્થાઓ દ્વારા સી.સી.એ.ના કાયદાના સમર્થનમાં આવેદન પત્ર પણ આપ્યુ હતું.